જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૭૧૭૧	૨૭૧	૭૭૪૪૨	૭૮૨૭૩	૨૬૭	૭૮૫૪૦
કુલ		૯૩૭૬૯	૨૭૧	૯૪૦૪૦	૧૦૨૮૦૨	૨૬૭	૧૦૩૦૬૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૧	૬,૫૨,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૯૯	૧૪,૯૯,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પોકેટકોપ મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી ટાવરની બેટરીઓ ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી બે આરોપીઓને ઝડપી લેતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ બ.નં.૫૦૯૭ તથા પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૩૯૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લાંભા ટી જંકશન પાસે આવતાં બે ઈસમો હિરો સ્પલેન્ડર મો.સા.નં.જીજે.૨૭.સીપી.૩૩૧૭ નુ ચલાવી અસલાલી સર્કલ તરફથી આવતા હોય જેથી તેઓને રોકી મો.સા. ની માલિકી બાબતે સરકારી પોકેટકોપ મોબાઈલ એપ્લિકેશનથી સર્ચ કરતાં સદર મો.સા. નારોલ પોલીસ સ્ટેશનના ગુનામાં વપરાયેલ હોવાનુ જણાયેલ. જે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૨૦૦૪૪/૨૦૨૨ ધી ઈપીકો કલમ ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબનો ગુનો અનડીટેકટ હોય જેથી બંને આરોપીઓના પંચો રૂબરૂ નામઠામ પુછતાં નં.(૧) મહેશજી દલપતજી જાતે ઠાકોર ઉ.વ.૨૧ ધંધો.છુટક મજુરી રહે.ગામડી ચાર રસ્તા પાસે આવેલ કાચા છાપરામાં ગામડી ચોસર રોડ વટવા અમદાવાદ શહેર મુળ વતન.ગામ.કુવારવા ઠાકોરવાસ તા.કાંકરેજ જી.બનાસકાંઠા તથા નં.(૨) વિપુલ ધનાજી જાતે ઠાકોર ઉ.વ.૨૧ ધંધો.છુટક મજુરી રહે.ગામડી ચાર રસ્તા પાસે આવેલ કાચા છાપરામાં ગામડી ચોસર રોડ વટવા અમદાવાદ શહેર મુળ વતન.ગામ.કુવારવા ઠાકોરવાસ તા.કાંકરેજ જી.બનાસકાંઠાનો હોવાનુ જણાવેલ જેથી તેઓ પાસેનુ હિરો સ્પલેન્ડર મો.સા.નં.જીજે.૨૭.સીપી.૩૩૧૭ નુ આશરે કિ.રૂ.૩૦૦૦૦/- તથા રોકડા નાણા રૂ.૩૭૦/- મળી કુલ્લે કિ.રૂ.૩૦૩૭૦/- ની મત્તાનો મુદ્દામાલ બે પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરી બંને આરોપીઓને ઉપરોકત ગુનામાં તા.૦૮/૦૧/૨૦૨૨ ના કલાક ૧૩/૧૫ વાગે પકડી અટક કરી પોકેટકોપ મોબાઈલ ફોન એપ્લિકેશનના માધ્યમથી મિલ્કત સબંધી અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા સુરેશભાઇ ચંદુભાઇ મકવાણા ઉ.વ.૨૨ રહે- સ્પન પાઇપની ચાલી, પિકર્સની ચાલીની બાજુમાં અનિલસ્ટાર્ચ મીલ રોડ સરસપુર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૨૩૫/૧૯ ઈપીકો ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૪૨૯/૨૦૨૧ ઈપીકો ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૬૦૪/૨૦૨૧ ઈપીકો ૩૭૯, ૪૬૧, ૪૧૧, ૧૧૪ મુજબ ના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૩૬/૨૦૨૨ તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૮/૦૧/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- **સમાચાર યાદી નં.૫૭/૨૦૨૨**

ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં.૨૨/૧૯૮૬ એક્સ્પ્લોઝીવ એક્ટ કલમ ૬ (ક) ૧૨ તથા ૯ (ખ) તથા ટેરીરીસ્ટ એક્ટ કલમ ૩ (ટાડા ક્રિમીનલ કેસ નંબર ૧૩/૧૯૮૭) (જુનો ટાડા ક્રિમીનલ કેસ નંબર ૮/૧૯૮૬ થી સેપરેટ કરેલ કેસ) મુજબના ગુનાના કામે આરોપી મોહંમદ ઈકબાલ અબ્દુલમજીદ દયાળ (રહે.જાલમપુરીની ચાલી સરસપુર અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી વી.વી.પરમાર સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૨૦, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૦/૨૦૨૨**

નવરંગપુરાઃ કાર્તિકેય ધીરજલાલ વ્યાસ (રહે. શારદા સોસાયટી ભીમનાથ મહાદેવ મંદિર પાસે પાલડી) એ તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ થી તા.૦૮/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા લો ગાર્ડન એંકલેવ બંગલા નં-૧૨ ખાતે રહેતા કાર્તિકેય વ્યાસના ભાઈના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ પરવેજહુસેન અનવરહુસેન શેખ (રહે. રોજાપોળ સામે ગલીમા તાનગરવાડ પગથીયા જમાલપુર) એ તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૦૭/૦૧/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

નારોલઃ પંકજભાઇ હરીભાઇ અજબાની (રહે. મોહન ફ્લેટ ભૈરવનાથ રોડ કોસમોસ બેન્કની બાજુમાં મણીનગર) એ તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૦૭/૦૧/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ મટનગલી એચ.ડી.એફ.સી.બેન્ક પાસે જય અંબે ઓટો વર્કશોપનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સ્પેરપાર્ટ સામાન કિમત રૂપિયા ૮૦,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

બાપુનગરઃ પરમજીતસિંઘ દલજીતસિંઘ હુડા (રહે. ગુરૂરામદાસ સોસાયટી અંબર સિનેમા પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૨ રાતના ૨/૩૫ થી કલાક ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યો પુરૂષ પોતાના મકાનમાં પ્રવેશ કરી ઘરમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ સોસાયટીના પાર્કિંગમાંથી સાહેદની સાયકલ કિમત રૂપિયા ૭,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૬૧/૨૦૨૨</u>**

માધવપુરાઃ મુકેશભાઇ જ્યંતીભાઇ ચૌહાણ (ઉ.વ.૩૬) (રહે. જ્યુપીટર મીલ કંપાઉંડ દુધેશ્વર રોડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રુગ્નાથજી ચલાવે છે.

સાબરમતીઃ પારૂલબહેન પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૪૬) (રહે. ભવસાગર સોસાયટી સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૦૮/૦૧/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૦/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

બાપુનગરઃ માંગીલાલ મોડાજી પવાર (ઉ.વ.૫૪) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે જમનાનગર શૌચાલય સામે બાપુનગર સીંગચાણાની ભઠ્ઠીના રૂમમાં છતની પાઇપમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

દાણીલીમડાઃ દાણીલીમડા આબાદ નર્સરી સામે સોમનાથ મહાદેવ રોડ બાલુમામા એસ્ટેટ ગાયત્રી વોશ & ક્રીએશન ૧૦-૧૨ની કંપનીમા રહેતા દલારામ કલારામ રાણા (ઉ.વ.૧૬) (મુળ વતન.ગામ વિશાલા તા.જાલોર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ફેકટરીમા માલ સ્ટોરેજ વિભાગમા લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહીલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.